# લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે મદદ કરવા ફાઉન્ડેશનની સ્થાપના

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

ગુજરાતમાં લિવર એટલે કે યકૃતના રોગો વધતા જાય છે. કસમયે ખાવા - પીવાના શોખીન ગુજરાતીઓમાં ફેરી લિવરના કિસ્સા વધતા જાય છે. કમળા - કમળી જેવા રોગોના કારણે સિરોસિસ ઓફ લિવર થાય છે. જે થયા પછી લિવરના સિત્તેર ટકા સેલ કામ કરતાં બંધ થાય. દર્દીને પગે સોજા આવે, પેટમાં પાણી ભરાય.

## કિડનીની જેમ લિવરનું દાન કરવા લોકો પ્રેરાય તેવું અભિયાન છેડાશે : આર્થિક મદદ પણ કરાશે

આ સંજોગોમાં તબીબો લિવર ટ્રાન્સપ્લાન્ટની ભલામણ કરે પણ તેના ઓપરેશન બે જ જગ્યાએ થાય. મુંબઈ જસલોક હોસ્પિટલમાં અને દિલ્હી ગંગારામ હોસ્પિટલમાં. તેના પેકેજ લાખો રૂપિયાના થાય. વિદેશમાં આ આંકડો કરોડે પહોંચે. સામાન્ય મધ્યમવર્ગના દર્દી માટે આ સારવાર ખર્ચાળ પૂરવાર થાય છે.

પારૂલ ગૃપ ઓફ કોલેજના વડા જયેશભાઈ પટેલે પોતાના તરફથી રૂા.૫૦ લાખ ફાળવીને લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે વડોદરા હેલ્થી લિવર ફાઉન્ડેશનની રચના કરી છે. તેમના જણાવ્યા મુજબ આ ફાઉન્ડેશનના લાભાર્થી તરીકે ગુજરાતીઓને પ્રાધાન્ય અપાશે. ફાઉન્ડેશનના વહીવટ માટે પારૂલ ટ્રસ્ટ સાથે ટ્રાન્સપ્લાન્ટ કરતી તબીબોની ટીમના સભ્ય તરીકે ડૉ. એચ.જી.દેસાઈ ચેરમેન રહેશે. ડૉ. દેસાઈ નવસારીના ગુજરાતી છે અને દેશભરમાં તેઓ લિવરના રોગોમાં ઓથોરિટી ગણાય છે. ફાઉન્ડેશન નાણાંકીય મદદ કરવા ઉપરાંત લિવરના દાન માટે જનજાગૃતિનું કામ પણ કરશે. મરણોત્તર દેહદાન વખતે જેમ કિડનીનું દાન કરાય છે તેમ લિવરનું પણ દાન કરાય તો ઘણા દર્દીઓ નવજીવન પામી શકે.

જે દર્દીઓ બ્રેઈન ડેડ છે, લાંબા સમયથી કોમામાં છે તેમના સગાં જો લિવર દાન કરે તો પણ લિવરના દર્દીઓને રાહત થાય પણ આ બધું સામાજિક જાગૃતિ માંગતું લાંબા સમયનું અભિયાન છે.